અપીલ અરજી નં.૧૩૫ તા.૨૪–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ બહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બહમભટ્ટ ની તા.૨૧–૫–૧૧ ની અરજીથી લિંબાયતઝોન સુ.મ.પા.ની બરાબર બાજુમાં નવનિર્માણ થઈ રહેલ રાહુલ રાજ ટેક્ષ્ટાઈલ સીટી ના બીલ્ડર ધ્વારા ખાડી પુરાણ તથા પુરાણ ઉપર બાંધકામ કરી કરોડો રૂપિયાની જમીન પચાવી પાડેલ તેમાં કૌભાંડમાં સામેલ તથા જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ કાર્યવાહી અર્થે રાજયપાલશ્રીના ઉપસચીવશ્રીનો પત્ર નં. જી. એસ . ૧૩.૨૨/૨૯/૨૭૪૬/૨૦૧૧ તા. ૪–૫–૧૧ની થયેલી કાર્યવાહીની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૫ /૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ બહમભટ્ટ ની તા.૨૧–૫–૧૧ ની અરજીથી લિંબાયતઝોન સુ.મ.પા.ની બરાબર બાજુમાં નવનિર્માણ થઈ રહેલ રાહુલ રાજ ટેક્ષ્ટાઈલ સીટી ના બીલ્ડર ધ્વારા ખાડી પુરાણ તથા પુરાણ ઉપર બાંધકામ કરી કરોડો રૂપિયાની જમીન પચાવી પાડેલ તેમાં કૌભાંડમાં સામેલ તથા જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ કાર્યવાહી અર્થે રાજયપાલશ્રીના ઉપસચીવશ્રીનો પત્ર નં. જી. એસ . ૧૩.૨૨/૨૯/૨૭૪૬/૨૦૧૧તા. ૪–૫–૧૧ની થયેલી કાર્યવાહીની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૩ તા.૩૦–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને મહામહિમ રાજયપાલશ્રીને લખેલ અને તબદીલ થયેલ પત્રની નકલ અપીલ સાથે રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૬ તા.૧૧–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૧ તા.૨૪–૫–૧૧ થી લીબાંયતઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, રાજયપાલ સચિવશ્રી કચેરીનો ક્રમાંક જીએસ/૧૩.૨૨/૨૯/૨૭૪૬ તા.૨૦૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૧૨ તા.૨૩–૬–૧૧ ના પત્રની નકલ, ડે.કમિ.(પીએન્ડ) તરફથી સેકશન અધિકારી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગ સચિવાલય ગાંધીનગરને પાઠવેલ પત્ર નં.૮૬૯ તા.૬–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૮૪૦ તા.૩–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૧૫૩ તા.૧૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, રાજયપાલ સચિવશ્રી કચેરીનો પત્રની નકલ, અરજી ફી ની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/મહેકમ/૧૧૨૪ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૧૦૦૨ તા.૨૩–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૧–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ લીંબાયતઝોન અને મ્યુ. કમિ.શ્રીને સંબોધતી અરજી ઉધનાઝોન ખાતે આપવામાં આવેલ. ઉધનાઝોન તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૧ તા.૨૪–૫–૧૧ થી લીબાંયતઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે ઉધનાઝોન તરફથી સદર પત્ર નં.૨૫૧ તા.૨૪–૫–૧૧ થી તબદીલ થયેલ અરજી બાબતે કોઈ નિર્ણય ન મળ્યો હોવાનું જણાવી તા.૨૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને નમુના–ક મુજબની માહિતી વિના મૂલ્યે માહિતીની માંગણીની રજૂઆત કરેલ છે.

જે બાબતે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથઝોન તરફથી તબદીલ થયેલી અરજી બાબતે અરજદારે તા.૧૬–૪–૧૧ થી મહામહિમ રાજયપાલશ્રીને લખેલ પત્ર અન્વયે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગના પત્ર નં.ટીડીઓ/૮૪૦ તા.૩–૬–૧૧ થી અરજદારને જાણ કરવામાં આવેલ છે તથા સદર પત્ર સંદર્ભે સેકશન અધિકારી શ.વિ. અને શ.વિ. ગૃ. નિ. વિભાગના તા.૨૧–૫–૧૧ ના પત્ર અન્વયે શહેર વિકાસ

વિભાગના પત્ર નં.ટીડીઓ/૮૬૯ તા.૬–૬–૧૧ થી જાણ કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી તરફથી બંને પત્રની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. અરજદારને પત્ર નં.ટીડીઓ/૮૪૦ તા.૩–૬–૧૧ થી (૧) પ્રિ. ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) નો મુદ્દો સરકારશ્રી ધ્વારા નિમાયેલ નગર રચના અધિકારીશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે મુજબ ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં.૧૩ સંપૂર્ણપણે ખાનગી જમીનોમાંથી રીકોન્ટીટયુટ કરવામાં આવેલ છે એટલે કે ખાડી પૈકીની કોઈ પણ જમીન/ભાગને ફાયનલ પ્લોટ નં.૧૩ માં ફાળવવામાં આવેલ નથી. (૨) વિલેજ મેપ તથા ટીપી સ્કીમ ધ્યાને લઈએ તો ખાડી વાંકી ચૂકી /વળાંક સહિતની છે અને તેની પહોળાઈ પણ એક સરખી નથી પરંતુ ઓછી વધતી છે અને રેકર્ડ પ્રમાણે પણ ખાડી કેટલીક જગ્યાએ ખુબ જ સાંકડી થઈ જાય છે. ટીપી ૩૩ ના નકશામાં ફા.પ્લોટના દક્ષિણ ભાગને લાગુ ખાડીનો જે વળાંકવાળો સાંકડો ભાગ આવેલ છે તે વિલેજ મેપમાં દર્શાવવામાં આવેલ વળાંક ટીપી નં.૩૩ માં દર્શાવ્યા મુજબની ખાડીની બાઉન્ડ્રી સાથે મેચ થાય છે. મુદૃ નં.(૩) સુરત સિંચાઈ વર્તુળના ડ્રેનેજ વિભાગ નં.ર ના કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા રાઈટ ટુ ઈન્ફર્મેશન હેઠળ અન્ય અરજદારોને આપેલ માહિતીમાં જણાવ્યા મુજબ સદરહુ ખાડીની પહોળાઈ ૨૧.૩૪ મી. જેટલી થાય છે. જે અન્વયે સિંચાઈ વિભાગ સાથે સ્પષ્ટતા કરતાં આ માપો સૂચિત ડીઝાઈન મુજબના છે. જયારે રેવન્યુ મેપ/ટીપી સ્કીમના નકશા મુજબ ખાડીના માપો ૧૫.૦મી. થી ૪.૦૦ મી. સુધીના છે. સ્થળ પર ફાયનલ પ્લોટ નં.૧૩ ને લાગુ જે ખાડી આવેલ છે તે ફાયનલ પ્લોટની સામગ્ર લંબાઈમાં ખાડીની પહોળાઈ અલગ અલગ સ્થળ પર ૧૯ મી. થી અંદાજીત ૪૦ મી. સુધીની મળી રહે છે. મુદ્દા નં.૪ સદર મિલ્કતમાં વિકાસ પરવાનગી માટેના પ્લાન ફાયનલ પ્લોટ નં.૧૩ ની હદ પ્રમાણે મંજુર થયેલ છે. મુદ્દા નં.૫ ફા. પ્લોટ નં.૧૩ ની હદ પ્રમાણે સ્થળ પર બાંધકામ થયેલછે. રેવન્યુ રેકર્ડ તથા ટીપી સ્કીમની ટેન્ટેટીવ રીકોન્સ્ટીટયુટ પ્રમાણેની હદ ધ્યાને લેતાં બાંધકામ ખાડીની અંદર આવતું નથી. મુદ્દા નં.૬ ટીપી સ્કીમમાં જે ફા.પ્લોટ નં.૧૩ ફાળવવામાં આવેલ છે તે ફાયનલ પ્લોટની હદ ધ્યાને લઈએ તો આ ફા.પ્લોટની ૩૩૦ મી. લંબાઈ ખાડીના કિનારે મળે છે જે પૈકી ફા.પ્લોટના દક્ષિણ પૂર્વ તરફે આવેલ પ્લોટ બાઉન્ડ્રીની ૧૯૦ મી. લંબાઈમાં ખાડી/ફાયનલ પ્લોટની હદથી આશરે ૪.૫ મી. નો અંતર છોડીને રીટેઈનીંગ/કંપાઉન્ડવોલ બનાવવામાં આવેલ છે ફેબ્રુઆરી –૨૦૧૦ ના અરસામાં બિલ્ડરે રીટેઈનીંગ કંપાઉન્ડ વોલનું બાંધકામ શરૂ કરતી વખતે ખાડીના વહેણમાં માટી કામ થવાથી ખાડીનું વહેણ અટકાવેલ. જે માટે બિલ્ડર પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– તા.૨૦–૨–૧૦ ના રોજ પેનલ્ટી તરીકે વસુલ લેવામાં આવેલ હતા. સ્થળ પર શરૂ થયેલ બાંધકામ અન્વયે આપની રજૂઆત અન્વયે અત્રેથી સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. જે મુજબ ખાડીમાં કોઈ દબાણ થયેલ ન હોવાનું જણાય આવેલ છે. જે મુજબ આપને અત્રેથી તા.૨૫–૧૧–૧૦ નં.ટીડીઓ/આ/૩૭૬૩ થી જવાબ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૭) જીડીસીઆર પ્રમાણે ખાડીને લાગુ ફા.પ્લોટ બાઉન્ડ્રીથી બાંધકામ કરવા ૯ મી નો માર્જીન રાખવાની જોગવાઈ છે જેની સામે મંજુર પ્લાનમાં ફાયનલ પ્લોટ બાઉન્ડ્રીથી (હયાત ખાડી) ૧૮ મી. તથા કંપાઉન્ડ વોલથી ૧૩ મી. માર્જીન છોડવામાં આવેલ છે. મુદ્દા નં.(૮) ડ્રેનેજ વિભાગ નં.ર ના કાર્યપાલક ઈજનેરશ્રીના પત્રોની વિગતો ધ્યાને લેતાં ઈરીગેશન ડીપાર્ટમેન્ટ કંપાઉન્ડ વોલને બાંધકામ તરીકે ગણતું હોય તેવું જણાય છે. જીડીસીઆર મુજબ ફાયનલ પ્લોટની બાઉન્ડ્રી પર રીટેઈનીંગ કંપાઉન્ડ વોલ બનાવવામાં આવે તો વાંધાજનક નથી ખરી હકીકતે આવી કંપાઉન્ડ/રીટેઈનીંગ વોલ બાંધવી હિતાવહ રહે છે. (૯) સામાન્તઃ ખાડી કિનારે આવેલ જમીનો નિચાણવાળી હોય છે જેમાં વિકાસ દરમ્યાન ફાયનલ પ્લોટને લાગુ આવેલ જાહેર રસ્તાઓના લેવલને ધ્યાને લઈ તે પ્રમાણેનું ગ્રાઉન્ડ લેવલ કરવા માટે ડેવલપર ધ્વારા પોતાની માલીકીના ફાયનલ પ્લોટની નીચાણવાળી જમીનમાં પુરાણ કરવામાં આવેલ છે. જીડીસીઆરની સાથે સુસંગત છે.તેવું જણાવેલ છે. તથા સેકશન અધિકારી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગ નવા સચિવાલય ગાંધીનગરને અરજદારના રાજયપાલશ્રી સમક્ષ કરેલ રજૂઆત અંગે પત્ર નં.ટીડીઓ/૮૬૯ તા.૬–૬–૧૧ થી સદર બાંધકામ ખાડીનું પુરાણ કરીને કરવામાં આવેલ ન હોવા અંગે શહેર વિકાસવિભાગ તરફથી ફરીયાદીને વખતો વખતની અરજી સંદર્ભે જાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત તેઓના વિભાગના પત્ર નં.વનમ/૧૪૦૧ /૫૩૦૯/લ તથા પત્ર નં.વનમ/ ૧૪૦૧/ ૫૩૦૯/લ સંદર્ભે સુરત મહાનગપાલિકા તરફથી તા.૧૮–૧–૧૧ ના પત્ર નં.ટીડીઓ/ ૪૪૫ર થી જરૂરી અહેવાલ પાઠવાયેલ છે. છેવટે તેઓશ્રીના વિભાગના અગ્રસચિવશ્રીને સુમપા ટાઉન પ્લાનીંગ તરફથી તા.૨૧–૫–૧૧ ના પત્ર નં.ટીપીડી/૧૦૫ર થી વિગતવાર હકીકતલક્ષી અહેવાલ પણ પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર આત્મવિલોપન જેવું અનિચ્છનીય પગલુ ન ભરે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવા પોલીસ કમિ. સુરત શહેરને શહેર વિકાસ વિભાગ સુમપા તરફથી તા.૨૬–૫–૧૧ ના પત્ર નં.ટીડીપી/૭૧૦ થી જાણ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારે રાજયપાલશ્રી ના ઉપસચિવના પત્ર તા.૪–૫–૧૧ ની કાર્યવાહીની માંગેલી માહિતી અંગે ડે.કમિ.(પીએન્ડડી) તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૫૩ તા.૧૨–૭–૧૧ થી આપેલ પૂરક વિગતોમાં જણાવ્યા મુજબ પત્ર નં.ઈ.ઝોન/મહેકમ/૧૧૨૪ તા.૮–૭–૧૧ થી અરજદારની અરજી સંદર્ભે ઉપલક્ષ્ય રેકર્ડ પ્રમાણે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./ ૧૦૦૨ તા.૨૩–૫–૧૧ થી પત્ર પાઠવેલ છે. જેની નકલ પુનઃ અરજદારને તેઓના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૨૪ તા.૮–૭–૧૧ ના પત્રથી પાઠવેલ છે. જેમાં અરજદારને સંલગ્ન મિલ્કતોમાં બાંધકામ બાબતે લીબાંયતઝોન તરફથી કાયદેસરની કાર્યવાહી કરી બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧)(અ) મુજબ નં.સા.ઈ.ઝોન/૩૯૫૧ તા.૨૫–૧૧–૦૯ થી કારણદર્શક નોટીસ તથા કલમ–૨૬૭ મુજબ નં.સા.ઈ.ઝોન/૩૯૫૦ તા.૨૫–૧૧–૦૯ થી મનાઈ હુકમ આપવામાં આવેલ. લીબાંયતઝોનના કાર્યક્ષેત્ર હેઠળ તા.૩૧–૩–૧૦ ના રોજ સંલગ્ન મિલ્કતમાં ડે.કમિ.(પીએન્ડડી) તથા તત્કાલીન સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેશ્રીની સંયુકત સાઈટ વીઝીટ કરવામાં આવેલ. તેમજ સ્થળ ઉપર ડિમાર્કેશન કરી મિલ્કતદારને ટાઉન પ્લાન ઓફિસર ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ધ્વારા ફાળવવામાં આવેલ ફા.પ્લોટ પૈકીમાં ખાડી તરફથી સરેરાશ સાડા ચાર મી. ના અંતરે રીટેઈનીંગ વોલ બનાવવાની સૂચના આપવામાં આવેલ તેમજ એ મુજબ રીટેઈનીંગ વોલ બનાવવામાં આવેલ છે. નગર નિયોજકશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા ડ્રાફટ ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૮ ડ્રાફટ મુજબ ફ.પ્લોટ નં.૧૩ પ્રીલીમનરી મુજબ ઓ. પ્લોટ નં.૮/૧ બ્લોક નં.૮ પૈકીમાં " કોમર્શીયલ હાઈરાઈઝ બીલ્ડીંગ" ના પ્લાન તા.૨૬–૮–૧૦ થી મંજુર કરેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને લીબાંયતઝોન તરફથી પણ માહિતી પૂરી

પાડવામાં આવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) અને સીટી ઈજનેરશ્રીએ અરજદારના રાજયપાલશ્રીના ઉપસચિવને પાઠવેલ પત્ર સંદર્ભે કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ જે અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૧/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ